કૃષિ મહોત્સવમાં ખેડૂતો દ્વારા રજુ થયેલા એકસોથી પણ વધુ પ્રશ્નો પર ચિંતન કરાશે

૧૦મીએ દિયોદરમાં મેગા કૃષિ મહોત્સવ યોજાશે : આ કૃષિ મહોત્સવમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાગ લેશે

ગાંધીનગર, તા.૩

આગામી ૬ મે થી શરૂ થઈ રહેલા કૃષિ મહોત્સવ દરમિયાન જિલ્લાના ખેડૂતોએ રજુ કરેલા એકસોથી પણ વધુ પ્રશ્નોને લઈ કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણીના નવતર અભિગમ અંતર્ગત ખેડૂતો પાસેથી પ્રશ્નો મેળવવામાં તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયું હતું. આ અંતર્ગત તંત્રને લગભગ ૪૦૦થી પણ વધુ પ્રશ્નો અત્યાર સુધીમાં મળી ચુકયા છે.

ખેડૂતો તરફથી રજુ થયેલા જુદા જુદા પ્રશ્નો અંગે તંત્ર દ્વારા તારવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તે કામગીરી એકાદ દિવસમાં પૂર્ણ થઈ જશે.

મળતી વિગતો મુજબ ખાસ કરીને કૃષિ ઉત્પાદનમાં વૃધ્ધિ મેળવવા, રોગચાળાને નિયંત્રણમાં લેવા તેમજ ગાંધીનગર જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખી પ્રશ્નો જુદા તારવવામાં આવશે અને તે વૈજ્ઞાનિકોને મોકલી આપવામાં આવશે જેઓ મહોત્સવ દરમિયાન ખેડૂતો સાથે આ બાબતે સીધો સંવાદ કરી માર્ગદર્શન આપશે.

દરમિયાન એગ્રો કલાઈમેટ ઝોન-૮માં આવતા ગાંધીનગર સહિત

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાનાં ૧૦૦ ગામોનો ફર્ટીલીટી મેપ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં જમીનના સૂક્ષ્મ તત્વોની જાણકારી ખેડૂતોને ઉપલબ્ધ બને તે માટે ફર્ટીલીટી મેપીંગ કરવામાં આવશે.

કૃષિ મહોત્સવ દરમિયાન જિલ્લાના ૧૦૦ જેટલા ગામોનો આવો ફર્ટીલીટી મેપ પ્રથમ તબક્કામાં તૈયાર કરી દર્શાવવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ અપાયા બાદ હવે ફર્ટીલીટી મેપીંગનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં પોટાશ, ફોસ્ફરસ અને પોષણની વિગતો ઉપલબ્ધ બને છે પણ ફર્ટીલીટી મેપીંગને કારણે જમીનના તમામ સૂક્ષ્મ તત્વોની જાણકારી હવે ખેડૂતને ઉપલબ્ધ બનશે જેથી તે તેના ખેતરમાં કયા પાકની વાવણી વધુ લાભદાયી બનશે તેનું આયોજન કરી શકશે.

ગાંધીનગરમાં રવિવારે સમર્પણ મહાધ્યાન શિબિરનું આયોજન કરાયું છે. મહાધ્યાન શિબિર માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અંદાજે એક લાખ સાધકો આ શિબિરમાં જોડાવાની સંભાવના છે. ગુરૂવારથી જ સાધકોની મહાશિબિરના સ્થળે અવરજવર ચાલુ થઈ ગઈ છે. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર પોલીસે ચોરીના સાત ગુન્હાઓનો ભેદ ઉકેલ્યો

પકડાયેલા ત્રણ ઈસમોએ પૂછતાછ દરમિયાન સરદારનગર નરોડા અને કલોલમાં નાની-મોટી ચોરી કરી હોવાનું કબૂલ્યું

ગાંધીનગર, તા. ૩

એલ.સી.બી. પોલીસે અડાલજ વિસ્તારમાં ત્રણ શકમંદોની પૂછતાછ હાથ ધરતા ચોરી કરેલા ૧૩ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. જ્યારે સઘન પૂછતાછના અંતે ત્રણેય ઈસમોએ અમદાવાદના સરદારનગર, નરોડા અને કલોલ વિસ્તારમાં ચોરીના ૭ જેટલા ગુનાઓની કબુલાત પણ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેએ મિલ્કત વિરૂદ્ધના ગુનાઓ અટકાવવા જિલ્લામાં સઘન પોલીસ પેટ્રોલીંગ હાથ ધરવા સૂચના આપી હતી. જે અન્વયે એલ.સી.બી. પી.આઈ. એન.એલ. દેસાઈ , પી.એસ.આઈ. એન.એ. વાઘેલા સહિતના સ્ટાફે સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતું આ દરમિયાન મળેલી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે અડાલજ ત્રણ રસ્તા પાસે શકમંદ હાલતમાં ઉભેલા પ્રકાશ ઉર્ફે પકો વાલજીભાઈ ભીલ, દિપક ઉર્ફે દીપુ હરેશ સીંધી તેમજ રમેશ ઉર્ફે લંગડો બાબુભાઈ ઠાકોર (ત્રણેય રહે. અમદાવાદ)ની પૂછતાછ હાથ ધરી હતી. આ દરમિયાન આ ઈસમો પાસેથી રૂ. ૨૦ હજાર ૩૦૦ની કિંમતના ૧૩ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. આ સંદર્ભે પોલીસે ત્રણેયની પૂછપરછ કરતા

● અનુસંધાન પાન-૭ પર

જર્નુમમાં ગાંધીનગરનો સમાવેશ ન થવાનાં સાચાં કારણ સરકાર આપે : પ્રવિણ પટેલ

અડવાણી દિલ્હીમાં છે તો કેમ રજુઆત નથી કરતા

ગાંધીનગર, તા. ૩

શ્રી પ્રવિણભાઈ પટેલ જણાવે છે કે કેન્દ્ર સરકારની J.N.N.U.R.M. (જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુ મિશન)ની મુદત પુરી થતાં શહેરના વિકાસના આંતરિક માળખાકીય સુવિધા માટે જે નવી યોજના તૈયાર કરી છે જેના માટે ગાંધીનગર શહેર માટે રાજ્યસરકારે કેન્દ્ર સરકારને કેટલી દરખાસ્ત મોકલી તેની ગાંધીનગર મહાનગરપપાલિકાને એકપણ જાણ નથી. ગાંધીનગરના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીને પણ પત્ર દ્વારા જાણ કરેલ તેમજ શહેરીવિકાસમંત્રીને ગાંધીનગરમાં કોર્પોરેશન સાથે સત્તાવાર એકપણ બેઠક યોજી નથી. અને ગાંધીનગરની જાણકારી મહાનગરપાલિકાને જાણ કરેલ નથી.

ગાંધીનગરના એમ.પી. તરીકે લાલકૃષ્ણજીએ ગાંધીનગરનો સમાવેશ કરવા માટે કેટલીવાર રજુઆત કરી તેની મુખ્યમંત્રીશ્રી જાહેર કરે. અને શ્રી પ્રવિણ પટેલ નિવેદનમાં વધુ જણાવે છે કે રાજ્યના મુખ્યમંત્રીએ સત્તાના સુત્રો સંભાળ્યા પછી ગાંધીનગરની J.N.N.U.R.M. માં સમાવેશ કરવા માટે છેલ્લા બે વર્ષની અંદર રાજકીય લડત સિવાય કેટલીયવાર રજુઆત કરી.

ગાંધીનગરના નોટીફાઈડ એરિયા હોવાને કારણે તેનો J.N.N.U.R.M. માં સમાવેશ થતો ન હતો, તે વાત છુપાવતા મુખ્યમંત્રી ડરે છે કેમ?

શ્રી પ્રવિણ પટેલ જણાવે છે કે ગાંધીનગર મહાનગરપાલિકાની રચના મુખ્યમંત્રીની મહેરબાનીથી નથી. જાગૃત પરિષદનની રીટના હાઈકોર્ટના ચુકાદાને પગલે મહાનગરપાલિકાની રચના કરવામાં આવી છે. અને જો તેમને નગરપાલિકાને સત્તા આપવી જ હોય તો ગાંધીનગરને સત્તા કેમ સોંપતા નથી?

ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી માટે અલાયદી જમીન, બિલ્ડીંગની માંગણી કરવામાં આવી છે જે વાત મોદી સરકારે ઠુકરાવી છે. તેથી મોદી સરકારને કેન્દ્ર સરકારના પી.એમ. ઉપર બોલવાનો કોઈ અધિકાર નથી. શ્રી મોદી રાજકીય દંભ માટે જાણીતા છે. ગાંધીનગર શહેરની જમીન મહાનગરપાલિકાને જમીન ફાળવવા માટે સમય નથી.

ઉદ્યોગપતિઓને ઝાઝમ બિછાવી જમીન ફાળવી છે. તેથી મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર માટે વડાપ્રધાનને ટીકા કરવા કોઈ અધિકાર નથી.

કર્મચારીઓ અધિકારીઓના પગાર ભથ્થાં બીલો સમયસર મોકલવા વિભાગોને તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૩

રાજ્યના કેટલાક વિભાગો દ્વારા સમય મર્યાદામાં પગાર ભથ્થા બીલો રજુ કરવામાં આવતા નહી હોવાની ઘટનાઓ અંગે રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને તમામ વિભાગોના વડાઓને પગાર-ભથ્થાના બીલો સમય મર્યાદામાં રજુ કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના અધિકારીઓ કર્મચારીઓને અગાઉ પગાર-ભથ્થા રોકડમાં ચૂકવવામાં આવતા હતા પરંતુ ત્યાર બાદ સરકારી કચેરીઓને કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવતાં રાજ્ય સરકારે આ પ્રથા બંધ કરીને કર્મચારીઓ અધિકારીઓને તેમના પગાર-ભથ્થા સીધાજ તેમના બેંક ખાતામાં જમા થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓ અધિકારીઓને રાજ્ય સરકારે નક્કી કરેલ સમય પ્રમાણે પગાર-ભથ્થાઓ મળી જાય તે માટે વિભાગોને સમયસર ગ્રાન્ટો ફાળવી દેવામાં આવે છે.

આમ છતાં પણ કેટલાક વિભાગો દ્વારા નિયત સમયમર્યાદામાં પગાર ભથ્થાના બીલો તૈયાર કરીને પે એન્ડ એકાઉન્ટસ કચેરીને રજુ કરવામાં આવતા નથી અને તેના કાણે રાજ્ય સરકારને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. રાજ્ય સરકારના ધ્યાન પર આ વાત આવતા આ બાબત અંગે રાજ્ય સરકારે નારાજગી વ્યક્ત કરીને તેની ગંભીર નોંધ લઈને તમામ વિભાગોના વડાઓને પગાર ભથ્થાના બિલો સમય મર્યાદામાં જ રજુ થાય તે જોવાની કડક તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને પણ દર મહિનાની ૨ ઉમી તારીખ સુધીમાં ટ્રેકઝીરી કચેરીમાં બીલો રજુ કરી દેવાની કડક તાકીદ કરવામાં આવી છે. તેમજ જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય તે માટે જ તેનો ઉપયોગ કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

મકાન વેચાણ આપવાના મામલે અડધા કરોડનો ચુનો

ગિરવે આપેલા મકાનનો દસ્તાવેજ કરી છેતરપીંડી કરી

ગાંધીનગર, તા. ૩

ગિરો આપેલા મકાનનો દસ્તાવેજ કરી બે ઈસમોએ ભેગા મળી રૂ. ૫૫.૮૦ લાખની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ સે. ૭ પોલીસમથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાલજ ખાતે શ્રીનાથ રેસીડન્સીમાં રહેતા નરેશભાઈ મણીભાઈ પટેલને સે. ૧૨-બીમાં પ્લોટ નં. ૪૭૪/૨માં રહેતા આરોપી રાજેશ વદનભાઈ ઉમીયાને પોતાનું મકાન વેચાણથી આપવા દસ્તાવેજ કરી આપ્યો હતો. જ્યારે મકાન વેચાણ આપવા સંદર્ભે નરેશભાઈ પાસેથી આરોપીએ રૂ. ૫૫.૮૦ લાખ લીધા હતા ત્યારબાદ તેમણે ખરીદેલ મકાન આરોપીએ કનક પટેલને ગિરો આપ્યું હોવાની હકીકત ખુલી હતી. પોતાની સામે ખોટી છેતરપીંડી થઈ હોવાનો અહેસાસ થતા નરેશભાઈએ આ બન્ને આરોપીઓ વિરૂદ્ધ સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૩નું બંધ સરકારી દવાખાનું શરૂ કરવા રજૂઆત

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આરોગ્ય સચિવને રજૂઆત

ગાંધીનગર, તા. ૩

સેક્ટરના વસાહતીઓની સુવિધા માટે શરૂ કરાયેલા સેક્ટરોના દવાખાના બંધ થઈ ગયા છે. સેક્ટર-૩નું દવાખાનું શરૂ કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.

સેક્ટરોમાં રહેતા વસાહતીઓને તબીબી સેવા-સારવાર માટે દૂર સુધી જવુ ન પડે તે માટે દરેક સેક્ટરમાં સરકારી દવાખાનાની સુવિધા ઉભી કરાઈ હતી. વર્ષો સુધી આ દવાખાના ચાલ્યા હતા અને વસાહતીઓએ તેનો લાભ લીધો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તંત્રએ કોઈને કોઈ બહાનુ આગળ ધરી એક પછી એક દવાખાના બંધ કરાવી દીધા હતા. સેક્ટર-૩, ૪, ૨, ૧૩, ૧૪ જેવા સેક્ટરોમાં તો ઘણા સમયથી દવાખાનાઓ બંધ છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળે કરેલી રજૂઆત બાદ સેક્ટર-૪, સેક્ટર-૭, સેક્ટર-૮માં પુનઃ દવાખાનાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. સેક્ટર-૭ અને ૮માં દવાખાના શરૂ થઈ ગયા છે. સેક્ટર-૪માં સવારે અને સેક્ટર-૩માં બપોર પછી ડીસ્પેન્સરી ચાલુ રાખવાના આદેશ થયા હોવા છતાં આજદિન સુધી તેનો અમલ થયો નથી.

સેક્ટર-૩ની ડીસ્પેન્સરી શરૂ કરવા સહિતની માંગણીઓને લઈને સેક્ટર-૩ વસાહત મંડળના પ્રમુખ રાજેશ ભટ્ટ, મંત્રી નરસિંહભાઈ પરમાર સહિતના વસાહતીઓ ઉપવાસ આંદોલન કરી રહ્યા છે. બે-બે વર્ષથી દવાખાનુ શરૂ કરવાનો આદેશ થયો હોવા છતાં તે શરૂ ના થતા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

ન્યૂ ગાંધીનગરમાં પક્ષીઓ માટે ૨૫ ચબૂતરા

ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધા ઉપરાંત વિકાસના અનેકવિધ કામોની શરૂઆત કરવામાં આવી છે. ન્યૂ ગાંધીનગરમાં હરિયાળી નિખારવાના અભિગમ સાથે અબોલ પંખીઓ માટે પણ ચબૂતરા મુકવામાં આવ્યા છે. ગુડા વિસ્તારની સોસાયટીઓમાં ૨૫ જેટલા ચબૂતરા મુકાયા છે. જ્યારે પક્ષીપ્રેમ દાખવતા ગુડાના તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ અન્ય સોસાટીઓમાં પણ ચબૂતરા મુકવામાં આવશે.

સરકારે લીકર પરમીટ ધારક ફાળવણીમાં અંતે કાપ મૂક્યો

હવે ૪૦થી ૫૦ વર્ષના પરમીટ ધારકોને વધુમાં વધુ માત્ર બે યુનિટ દારૂ મળી શકશે

ગાંધીનગર, તા.૦૩

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી છે પણ તબીબી કારણોસર જરૂરિયાતમંદોને હેલ્થ માટે દારૂની પરમિટો આપવામાં આવે છે. આમ દારૂની પરમિટો લેનારાની સંખ્યા પણ વધતી જાય છે. રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા તાજેતરમાં જ એક પરિપત્ર પ્રસિદ્ધ કરીને લીકર પરમિટધારકોની ફાળવણીમાં એકાએક કાપ મૂકી દેવાતાં આ મામલે નારાજગી ઊભી થઈ છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત સરકાર નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા એક પરિપત્ર અને આબકારી વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે જેમાં ૪૦ થી ૫૦ વર્ષની વયના લીકર પરમિટ ધારકોને વધુને વધુ હવે બે યુનિટ લીકર જ મળશે. એટલેહાલ ૩ યુનિટ લીકર મળતો હતો તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે ૫૦થી ૬૦ વર્ષની વયના લીકર પરમીટ ધારકોને હવે ત્રણ યુનિટ જ મળશે. અગાઉ ચાર યુનિટ મળતો હતો, તથા ૬૦થી ૬૫ વર્ષની વય ધરાવતા પરમીટ ધારકોને ૪ યુનિટ અને ૬૫ વર્ષથી વધ વય ધરાવતા પરમીટ ધારકોને પાંચ યુનિટ મળશે. નશાબંધી એપ્રિલથી અમલમાં આવી ગયો છે. રાજ્ય સરકારના આ નિર્ણય સામે લીકર પરમીટ ધારકોમાં અસંતોષ વ્યાપ્યો છે. સૂત્રોને જણાવ્યું હતું કે, રાજ્યના નશાબંધી વિભાગે લીકર પરમીટ ધારકોની ફાળવણીમાં ઘટાડો કરતા પહેલા કોઈ તબીબી-તજતોનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી. કારણે કે જે તે વ્યક્તિને લીકર પરમીટ તબીબોના અભિપ્રાય અને કેટલો આલ્કોહોલ લેવો એના પરથી લીકર પરમીટ આપવામાં આવતી હોય છે. એટલે આપ્રશ્ને કાનૂની વિવાદ સર્જાય એવી પણ શક્યતા છે. રાજ્ય સરકાર એસઈઝેડમાં એક બાજુ દારૂની છૂટ આપવાનું વિચારી રહી છે જ્યારે બીજીબાજુ લીકર પરમીટ ધારકોની ફાળવણીમાં કાપ મૂકી દેવામાં આવ્યો છે.

ખૂણે ખાંચરેથી

● સંતશ્રી ભોજલરામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ ૬ મે ના રોજ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ અને સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળ દ્વારા ઉજવવામાં આવશે.

● ગુડાએ આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા આમંત્રિતોને લાડુ દાળ ભાત શાકનું ભોજન પીરસ્યું હતું.

● ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા આજે ૩ થી ૫ દરમ્યાન ધરણાં અને દેખાવો યોજશે.

● ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમના આજે સ્થાપના દિવસની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી. ● રાજ્યના માર્ગ-મહેસુલમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ જિલ્લા કલેકટર કચેરીની આજે મુલાકાતે આવી રહ્યા છે.

બેસણું

મારા માતુશ્રી **રાજરાણીબેન દિક્ષિત**નું તા. ૧/૫/૨૦૧૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૪/૫/૨૦૧૨ને શુક્રવારના રોજ સમય સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૫/૨, સેક્ટર-૧૪, ગાંધીનગર

લિ.

સુશીલભાઈ બી. દિક્ષિત (સર્વોદય ભોજનાલયવાળા)
પિયુષ એસ. દિક્ષિત
અપર્ણા એસ. દિક્ષિત
સુધા એસ. દિક્ષિત

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૫-૫-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. પાલજ/બાસણ ગામ
૨. સેક્ટર-૧૧, ઉદ્યોગભવન વિસ્તાર
૩. સેક્ટર-૨૨, ઘ-૫ અને ચ-૫ વિસ્તાર

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

તા. ૧૨મી મે રાત્રે ૯-૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે માત્ર એક જાહેર પ્રયોગ

પન્નાલાલ પટેલની પ્રખ્યાત નવલકથાનું નાટ્ય રૂપાંતર - વખણાયેલું નાટક

"મળેલા જીવ"

નાટ્ય રૂપાંતર : શશીકાન્ત લાખાણી
નિર્માતા-દિગ્દર્શક - નિમેષ દેસાઈ ● નિર્માણ સંસ્થા : કોરસ
કલાકારો : શિવાની નાયક, શૌનક વ્યાસ, અન્નપૂર્ણા શુકલ, પાર્થ રાવલ, રાહી પંડ્યા, પ્રકાશ જોષી તેમજ અન્ય
શ્રી પન્નાલાલ પટેલની જન્મ શતાબ્દી નિમિત્તે ખાસ રજૂઆત
ટીકીટનું બુકીંગ - બ્લોક બુકીંગ માટે
તા. ૭મી મેથી સાંજે ૬-૦૦ થી ૮-૦૦ હોલ પર અને તા.૧૧, ૧૨ મે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૬ થી ૮ હોલ પર
ટીકીટનું બુકીંગ ફોન પર પણ થઈ શકે છે.
નિમેષ દેસાઈ : ૦૩૨૭૦૨૪૬૦૫, ૯૮૯૯૬૧૬૧૧ ગાંધીનગર માટે
સહયોગ : ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે નવી જુના સર્વે જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૧૦, વિશ્વકર્મા સોર્યિંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન : (ઓ.) ૨૩૨૧૧૬૩, ૩૨૦૬૫૧૨, ૨૩૨૨૩૧૪, મો. : ૯૪૨૬૫ ૦૪૪૧૨,

SANGHI CEMENT
KisaN
BENELAYE
U.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com